પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭ | ૨૯ માર્ચ, ૨૦૨૨, મંગળવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બેંક હડતાલથી આર્થિક વ્યવહાર ખોરવાયો

**ટ્રેડ યુનિયન્સની હડતાળની દેશમાં મિશ્ર અસર, બેન્કિંગ વ્યવહાર ઠપ : સરકારની કથિત ખોટી નીતિઓના વિરોધમાં બે દિવસીય હડતાળ : હડતાલના પહેલા દિવસે પશ્ચિમ બંગાળ, કેરળમાં ખાસ અસર જોવા મળી, આવશ્યક સેવાઓ અપ્રભાવિત રહી, ખાણકામ પ્રવૃત્તિઓને પણ અસર થઈ**



નવી દિલ્હી, તા.૨૮

સરકારની કથિત ખોટી નીતિઓના વિરોધમાં ટ્રેડ યુનિયનો દ્વારા બે દિવસીય દેશવ્યાપી હડતાળના પ્રથમ દિવસે સોમવારે બેંકિંગ કામગીરી, પરિવહન અને ખાણકામ અને ઉત્પાદનને અસર થઈ હતી, જેણે કામદારો, ખેડૂતોને પ્રતિકૂળ અસર કરી હતી. દેશના મોટા ટ્રેડ યુનિયનોના સંયુક્ત મોરચા વતી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે.

હડતાલના પહેલા દિવસે પશ્ચિમ બંગાળ અને કેરળમાં તેની ખાસ અસર જોવા મળી હતી. જ્યારે આવશ્યક સેવાઓ મોટાભાગે અપ્રભાવિત રહી હતી, ત્યારે ઘણા ભાગોમાં બેંકિંગ કામગીરીને અસર થઈ હતી અને ખાણકામ પ્રવૃત્તિઓને પણ અસર થઈ હતી.

વીજળી અને ઈંધણના પુરવઠા પર હડતાળની કોઈ ખાસ અસર જોવા મળી નથી, પરંતુ ટ્રેડ યુનિયનોએ દાવો કર્યો છે કે ઝારખંડ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશના કોલસાની ખાણ વિસ્તારોમાં કામદારો તેનો એક ભાગ બની ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ...તો યુક્રેન રશિયા સાથે વાતચીત કરવા તૈયાર

**વાજબી માગણી સ્વિકારી રશિયા સાથે વાતચીત માટે યુક્રેન તૈયાર : જેલેંસ્કીના નિવેદનથી હવે એ પણ લાગી રહ્યું છે કે રશિયન હુમલાથી યુક્રેની સેનાનુ ઝૂનુન હવે પસ્ત થવા લાગ્યું છે**

કીવ, તા.૨૮

યુક્રેન રશિયા વચ્ચે યુદ્ધ શરૂ થયે ૩૨ દિવસ પસાર થઈ ચૂક્યા છે. સોમવારે યુદ્ધનો ૩૩મો દિવસ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર જેલેંસ્કીનુ કહેવુ છે કે તેઓ રશિયાને સુરક્ષાની ગેરંટી આપવા, તટસ્થ રહેવા અને પોતાને ન્યુક્લિયર ફ્રી સ્ટેટ જાહેર કરવા માટે તૈયાર છે. બંને દેશોની વચ્ચે ચાલી રહેલા યુદ્ધ માટે આ સૌથી મહત્વપૂર્ણ બિંદુ છે.

તુર્કીના ઈસ્તાંબુલમાં બંને દેશોના પ્રતિનિધિ આજે એકવાર ફરીથી આમને-સામને બેસીને વાતચીત કરશે. પરંતુ આ વાર્તાથી પહેલા રાષ્ટ્રપતિ જેલેંસ્કી સાથે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે તે પુતિનની ગેરવાજબી માગો આગળ ઝુકવાના નથી.

આ ચર્ચા પહેલા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર જેલેંસ્કીએ કહ્યુ કે જો રશિયન ડિનેજિફિકેશન અને અસૈન્યીકરણની વાત કરશે તો અમે વાતચીત કરી મેજ પર બેસીશુ પણ નહીં. આ વસ્તુ અમારી સમજની બહાર છે.

રશિયાએ યુક્રેન પર પરમાણુ અને જૈવિક હથિયાર પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરવાનો પણ આરોપ લગાવ્યો છે. જેંલેસ્કીએ આને ફગાવ્યો. તેમણે કહ્યુ, આ એક મજાક છે. અમારી પાસે પરમાણુ હથિયાર નથી. અમારી પાસે જૈવિક



પ્રયોગશાળાઓ અને રાસાયણિક હથિયાર નથી. આ વસ્તુ યુક્રેનની પાસે નથી.

જેલેંસ્કીના નિવેદનથી હવે એ પણ લાગી રહ્યુ છે કે રશિયન હુમલાથી યુક્રેની સેનાનુ ઝૂનુન હવે પસ્ત થવા લાગ્યુ છે. હથિયારોની કમી થઈ રહી છે અને હથિયાર વિના કોઈ પણ સેના દુશ્મનનો સામનો કરી શકે નહીં.

# પ.બંગાળ વિધાનસભામાં છુટા હાથની મારામારી

**ભાજપના ધારાસભ્યો વીરભૂમ મુદ્દે ચર્ચા કરવા ઈચ્છતા હતા પંરતુ ટીએમસીના ધારાસભ્યોએ મારપીટ કરી હતી**



કોલકાતા, તા.૨૮

બંગાળ વિધાનસભામાં ભાજપ અને ટીએમસીના ધારાસભ્યો વચ્ચે મારપીટની ઘટના સામે આવી છે. ભાજપના ધારાસભ્ય મનોજ તિગ્ગા અને ટીએમસીના ધારાસભ્ય અસિત મજૂમદાર વચ્ચે મારપીટ થઈ હતી. આ ઘટનામાં અસિત મજૂમદારને ઈજાઓ પહોંચી છે અને તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે.

શુભેંદુ અધિકારી સહિત ભાજપના ૫ ધારાસભ્યોને વિધાનસભામાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સસ્પેન્ડ થનારા ધારાસભ્યોમાં શુભેંદુ અધિકારી, મનોજ તિગ્ગા, નરાહરી મહતો, શંકર ઘોષ, દીપક બરમનના નામનો સમાવેશ થાય છે. તેમને આગામી આદેશ સુધી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

આજે સોમવારે બંગાળ વિધાનસભાના બજેટ સત્રનો અંતિમ દિવસ હતો. કથિત મારપીટ બાદ ભાજપના

● અનુસંધાન પાન-૭ પર

## શાંઘાઈમાં લોકડાઉનની જાહેરાત

બેઈજિંગ,તા.૨૮

દુનિયાને કોરોના વાયરસ મહામારીમાં ધકેલનારું ચીન પોતે જ ફરી એકવાર વાયરસની ઝપેટમાં આવી ગયું છે. કોરોનાા ઓમિક્રોન વેરિએન્ટના વધતા કેસે સરકારની ચિંતા વધારી છે. ચીનની આર્થિક રાજધાની ગણાતા શાંઘાઈમાં સતત નવા કેસ સામે આવી રહ્યા છે. જેને પહોંચી વળવા માટે પ્રશાસને તબક્કાવાર લોકડાઉનની જાહેરાત કરી છે. સ્થાનિક પ્રશાસને કહ્યું કે સૌથી વધુ વસ્તીવાળું શાંઘાઈ શહેર સોમવારથી શુક્રવાર સુધી પોતાના પૂર્વ ભાગને બંધ કરશે, ત્યારબાદ ૧ એપ્રિલથી તેના પશ્ચિમી ભાગમાં આ પ્રકારે લોકડાઉન શરૂ થશે. અત્રે જણાવવાનું કે શાંઘાઈ ૨૫ મિલિયનની વસ્તીવાળું શહેર છે. જે હાલમાં સંક્રમણનું હોટસ્પોટ બની ગયું છે.

માર્ચની શરૂઆતમાં અહીં કોવિડ કેસ વધવા લાગ્યા હતા. ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે રવિવારે ૪૫૦૦થી વધુ નવા કેસની જાણકારી આપી જે ગઈ કાલ કરતા ૧૦૦૦ ઓછા હતા.

# હવે, પંજાબમાં પણ ઘર બેઠા રાશન

અમૃતસર, તા.૨૮

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ધોબીપછાડ આપ્યા બાદ સત્તા પર આવેલ આમ આદમી પાર્ટીના પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન જાણે ફ્રંટ ફૂટ પર બેટિંગ કરી રહ્યાં છે. ભ્રષ્ટાચારને નાબૂદ કરવા વ્હોટ્સ એપ નંબર ધારાસભ્યોના પેન્શન અંગેના નિર્ણય બાદ હવે દિલ્હીની જેમ હવે પંજાબમાં પણ રાશનની ડોર સ્ટેપ ડિલિવરી કરવામાં આવશે.

દિલ્હીની જેમ જ હવે રાજ્ય સરકાર પંજાબમાં પણ જો તમે સરકારી રાશન માટે કોઈપણ ડેપોમાં જવા માંગતા નથી તો તમને ઘરે બેઠા આ સુવિધા આપવામાં આવશે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને સોમવારે આ નિર્ણયની જાહેરાત કરી હતી. જોકે આ યોજના વૈકલ્પિક છે જેમને રાશનની તાત્કાલિક જરૂર છે તેઓ નજીકના ડેપો પર જઈને રાશન લઈ શકે છે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ લોકોને ઓફિસમાંથી ફોન કરવામાં આવશે અને પછી જ્યારે તેઓ ઘરે ઉપલબ્ધ હશે ત્યારે તેમને રાશન પહોંચાડવામાં આવશે.

# રશિયાથી કોલસાની આયાત બમણી કરવા ભારતની યોજના

નવી દિલ્હી, તા.૨૮

યુક્રેન પરના હુમલાના કારણે રશિયાને બાકીની દુનિયાથી અલગ કરવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે. અમેરિકા, યુરોપ અને વિશ્વના અનેક દેશોએ રશિયા પર તમામ પ્રકારના પ્રતિબંધો લગાવ્યા છે. રશિયા દ્વારા નિકાસ કરવામાં આવતા કોલસા અને કાચા તેલને ન ખરીદવા માટે દબાણ બનાવાઈ રહ્યું છે. આ બંને વસ્તુની નિકાસનો રશિયાના અર્થતંત્રમાં ભારે મોટો ફાળો છે. જોકે રશિયાના જૂના મિત્ર ભારતે સંકટના આ સમયે તેનો સાથ આપવાનો નિર્ણય લીધો છે. ભારતના સ્ટીલ મિનિસ્ટર રામચંદ્ર પ્રસાદે જણાવ્યું કે, આપણે રશિયા પાસેથી કોકિંગ કોલની આયાત બમણી કરવા માટે યોજના બનાવી રહ્યા છીએ. રામચંદ્ર પ્રસાદે જણાવ્યું કે, ભારત રશિયા પાસેથી કોકિંગ કોલ ભવિષ્યમાં પણ ખરીદતું રહેશે. ભારત રશિયન કોલસાની આયાત બમણી કરવા માટે યોજના બનાવી રહ્યું છે. ભારતે રશિયા પાસેથી અત્યાર સુધીમાં ૪.૫ મિલિયન ટન કોકિંગ કોલની આયાત કરી છે. જોકે આ આયાત કયા સમયગાળા દરમિયાન કરવામાં આવેલી તે નથી જણાવાયું. રશિયા પાસેથી ખરીદવામાં આવેલો ૧.૦૬ મિલિયન ટન કોકિંગ કોલ હાલ જહાજ પર રસ્તામાં છે.




